# પરિપત્ર

ક્રમાંક: જી/૭૨૫/ટ્રાફીક/ ૫૫૨ /૨૦૧૭
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, શાહીબાગ
અમદાવાદ શહેર તા: ૯/ ૨ /૨૦૧૭

**વિષય : વાહનોનો ટોઇંગ ચાર્જિસ તેમજ સાચવણી ચાર્જિસ વસુલ કરવા બાબત**

**સંદર્ભ : (૧)** પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના તા.૦૧/૦૩/૯૭ નાં પરિપત્ર ક્રમાંક : ટી/૬૯૫/૨૧૭૦

**(૨)** પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના તા. ૦૬/ ૦૮/ ૨૦૦૨ ના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફીક/૮૫૦/૨૦૦૨

**(૩)** પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની કચેરીના તા. ૦૯/ ૦૮/ ૨૦૦૨ ના હુકમ ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફીક/૮૭૦/૦૨

**(૪)** સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી/ જી/ ૨૦૦૨/ ૩૦/ એમ.વી.આર./ ૧૦૯૭/૨૩૦૭/ખ તા.૨૨/૨/૨૦૦૨

**(૫)** સરકારશ્રીના સ્થળ દંડના નવા જાહેરનામાં ક્રમાંક : **PT/ 2016/ 02/ MVD/102014/165/KH** તા.૦૫/૦૨/૨૦૧૬

ઉપરોક્ત પરત્વે જણાવવાનું કે, અમદાવાદ શહેરમાં આર.ટી.ઓ.શ્રી અમદાવાદ નાઓની કચેરી ખાતે કૂલ- ૪૦,૮૧,૪૫૧ વાહનોની નોંધણી થયેલ છે. તેની સામે અમદાવાદ શહેરમાં કુલ ૨૩૯૮.૨૧ કિ.મી. સુધી રસ્તાઓનું નેટવર્ક ફેલાયેલું છે. તેમજ અમદાવાદ શહેરનાં ૪૬૬ સ્કવેર.કિ.મી. નાં વિસ્તારમાં વસ્તી કૂલ- ૭૮,૨૦,૨૧૯ (વાર્ષિક ૨.૧% નો વધારો ગણતાં) થવા પામેલ છે. આમ, દિનપ્રતિ દીન વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. તેની સામે વાહનોનાં પાર્કિંગની સમસ્યા ઉપરાંત વાહનના પાર્કીંગ માટેની જગ્યા માલિકીના ધોરણે ઉપલબ્ધ હોય તે જ વાહન ખરીદી શકે તેવી કોઇ કાનુની જોગવાઇ કે નિતિવિષયક નિર્ણય ન હોવાથી વાહનોની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે જેથી જાહેરમાર્ગ પર પાર્કીંગ વધી રહ્યા છે. એ જ રીતે નાગરિકો દ્વારા જાહેર પરીવહન સેવાનો ઉપયોગ કરવાની વૃત્તિના અભાવે પણ ખાનગી સંખ્યા/Congestion વધી રહ્યું છે.

મોટર વ્હીકલ એક્ટ કલમ ૧૨૭ **(૧) & (૨)** ની જોગવાઇ મુજબ જાહેર સ્થળે છોડી દેવાયેલ વાહન કે જાહેર માર્ગ પર બીન અધિકૃત/નડતરરૂપ પાર્ક કરેલ વાહન વ્હીકલ લોકથી ખસેડતુ અટકાવવા કે ટોંઇગ સર્વિસ મારફત તેને દૂર કરવા ક્ષેત્રાધિકાર ધરાવતા યુનિફોર્મધારી પોલીસને સત્તા આપવામાં આવી છે. જ્યારે ૧૨૭ **(૩)** ની જોગવાઇ મુજબ આવા ત્યજાયેલ/અવરોધરૂપ પાર્ક થયેલ વાહનના માલિક આ અંગેના દંડ ઉપરાંત વાહન ખેંચી જવા માટેના ખર્ચ માટે પણ જવાબદાર રહેશે. તે રીતનું સ્પષ્ટ જણાવવામાં આવેલ છે.

અગાઉ સરકારશ્રી દ્વારા **સંદર્ભ (૪)** ના તા.૨૨/૨/૨૦૦૨ ના જાહેરનામાથી M.V.Act 122,177 (માણસ કોઇ વાહન એવી રીતે પાર્ક કરે જેનાથી જોખમ, અડચણ ઉભો થાય તેવા સંજોગો) ભંગ બદલ માંડવાળ રકમ વસુલ કરવા ઠરાવી છે, જે મુજબ ટુ વ્હીલર માટે રૂ.૫૦/-, થ્રી વ્હીલર માટે રૂ.૭૫/- અને ફોર વ્હીલર માટે રૂ.૧૦૦/- ની દંડ રકમ નક્કી કરવામાં આવેલ હતી. આ વાહનો જ્યારે M.V.Act કલમ ૧૨૭ ની સત્તા હેઠળ ટોંઇગ કરી ખસેડવામાં આવે ત્યારે ઉપર નિર્ધારીત દંડ ઉપરાંત તેને ખસેડવામાં થતું વાસ્તવિક ખર્ચ પણ વાહનમાલિક/ડ્રાઇવરથી વસૂલ કરવાનું છે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદના **સંદર્ભ (૧)** ના પત્ર ક્રમાંક: T/695/2170 તા.૦૧.૦૩.૧૯૯૭ મુજબ ટુ-વ્હીલર, ફોર વ્હીલર અને ભારે વ્હીકલ માટે ટોઇંગ ચાર્જ અનુક્રમે ₹.૭૫, ૧૫૦,૩૦૦ નક્કી કરવામાં આવેલ હતી. ત્યારબાદ પોલીસ કમિશ્નરશ્રી